To watch the Event Live
Visit DD News or scan the QR code
CBC 47107/13/0017/2526

વિકસિત ભારત યંગ લીડર્સ ડાયલોગ 2026
9-12 જાન્યુઆરી, ભારત મંડપમ, નવી દિલ્હી

સાથે યુવા નેતાઓનો સંવાદ
વડા પ્રધાન નરેન્દ્ર મોદી
વડા પ્રધાન કરશે યુવા નેતૃત્વને સંબોધિત
કાર્યક્રમની તારીખ: 12 જાન્યુઆરી ૨૦૨૬ | ટાઇમ: સાંજે ૦૪:૦૦ કલાકે
સ્થળ: ભારત મંડપમ, નવી દિલ્હી




# મેં ભારત-પાક વચ્ચેનું યુદ્ધ અટકાવ્યું, હું જ નોબેલનો અસલી હકદાર": ટ્રમ્પનો ફરી હુંકાર

**ઓબામાએ** કંઇ જ ન કર્યું છતાં નોબેલ મળ્યો

વોશિંગ્ટનઃ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે દાવો કર્યો છે કે તેમના મધ્યસ્થી પ્રયાસોને કારણે જ ભારત અને પાકિસ્તાન વચ્ચે પરમાણુ યુદ્ધ ટળ્યું છે. શુક્રવારે વ્હાઈટ હાઉસમાં આયોજિત એક બેઠકમાં ટ્રમ્પે કહ્યું કે, "ઈતિહાસમાં મારાથી વધુ નોબેલ શાંતિ પુરસ્કાર માટે બીજું કોઈ લાયક નથી." તેમણે એમ પણ ઉમેર્યું કે પાકિસ્તાનના વડાપ્રધાન શહબાઝ શરીફે પોતે સ્વીકાર્યું છે કે ટ્રમ્પે લાખો લોકોના જીવ બચાવ્યા છે.ટ્રમ્પે પૂર્વ રાષ્ટ્રપતિ બરાક ઓબામાની આકરી ટીકા કરતા કહ્યું કે, "ઓબામાને નોબેલ મળ્યો પણ તેમને ખબર નથી કે કેમ મળ્યો. તેમણે કશું જ કર્યું નહોતું છતાં તેમને પુરસ્કાર અપાયો. મેં તો ૮ મોટા યુદ્ધો અટકાવ્યા છે, તેથી મને દરેક યુદ્ધ રોકવા બદલ એક નોબેલ મળવો જોઈએ."

# ઓડિશામાં ચાર્ટર પ્લેન ક્રેશ થતાં 2 પાઇલટ સહિત 6 લોકો ઘાયલ



રાઉરકેલા હવાઈ પટ્ટી પર અકસ્માતથી ફ્લાઇટ કામગીરી પર અસર પડી

રાઉરકેલા/ભુવનેશ્વર, તા. 10
ઓડિશાના વાણિજ્ય અને પરિવહન મંત્રી બી.બી. જેનાએ જણાવ્યું હતું કે, શનિવારે રાઉરકેલા નજીક એક ખાનગી એરલાઇનનું નાનું વિમાન ક્રેશ થતાં ઓછામાં ઓછા છ લોકો ઘાયલ થયા હતા. જેનાએ પત્રકારોને જણાવ્યું હતું કે, ''રાઉરકેલાથી ભુવનેશ્વર જતા નવ સીટવાળું એક ખાનગી એ-1 વિમાન ક્રેશ થયું ત્યારે તેમાં છ મુસાફરો સવાર હતા. મુસાફરોને નાની ઈજાઓ થઈ હતી અને તેમની હાલત સ્થિર છે. આ અકસ્માત રાઉરકેલાથી 10 કિલોમીટર દૂર જલદા ખાતે થયો હતો. ભગવાનની કૃપાથી આ કોઈ મોટી દુર્ઘટના નથી.'' બીજુ પટનાયક આંતરરાષ્ટ્રીય વિમાનમથકના ડિરેક્ટર પ્રસન્ના પ્રધાને જણાવ્યું હતું કે, ''આ વિમાન ભુવનેશ્વરથી રાઉરકેલા જઈ રહ્યું હતું. રાઉરકેલાથી 10 કિલોમીટર દૂર લેન્ડિંગ કરતી વખતે તે ક્રેશ થયું હતું. તેમાં ચાર મુસાફરો અને બે ક્રૂ સભ્યો હતા. બધા સુરક્ષિત છે. આ ઇન્ડિયા વન એરલાઇન્સનું વિમાન છે, જેનો નંબર સી-208 છે.''બચાવ ટીમો ઘટનાસ્થળે પહોંચી ગઈ છે અને ઘાયલોને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા છે.

# ગ્રીનલેન્ડ લઈને જ રહીશું: ટ્રમ્પ

**અમે** રશિયા કે ચીનને અમારા પડોશી તરીકે સહન કરી શકીએ નહીં

વોશિંગ્ટનઃ અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ફરી એકવાર ગ્રીનલેન્ડ ખરીદવાની અથવા તેના પર કબજો મેળવવાની પોતાની ઈચ્છા જગજાહેર કરી છે. વ્હાઈટ હાઉસમાં ઓઈલ અને ગેસ કંપનીના અધિકારીઓ સાથેની બેઠક દરમિયાન ટ્રમ્પે સ્પષ્ટ શબ્દોમાં ચેતવણી આપી હતી કે તેઓ ગ્રીનલેન્ડ બાબતે "કંઈક મોટું" કરવા જઈ રહ્યા છે, પછી ભલે તે કોઈને ગમે કે ન ગમે.

ગ્રીનલેન્ડ ખરીદવાની યોજના અંગે જ્યારે ડોનાલ્ડ ટ્રમ્પને પૂછવામાં આવ્યું કે તેઓ આ વિશાળ પ્રદેશ માટે કેટલી રકમ ચૂકવવા તૈયાર છે, ત્યારે તેમણે હાલમાં કોઈ આંકડો જાહેર કરવાનો ઈનકાર કર્યો હતો.

શુક્રવારે પત્રકારો સાથેની વાતચીતમાં ટ્રમ્પે સ્પષ્ટતા કરી હતી કે, "હું અત્યારે ગ્રીનલેન્ડ બાબતે નાણાંની કોઈ વાત નથી કરી રહ્યો, પરંતુ ભવિષ્યમાં ચોક્કસપણે તેમ કરી શકું છું." આ નિવેદન એવા સમયે આવ્યું છે જ્યારે અમેરિકી વિદેશ મંત્રી માર્કો રુબિયોએ સાંસદોને જાણ કરી હતી કે ટ્રમ્પનો ઈરાદો ગ્રીનલેન્ડને ખરીદવાનો જ છે.

ટ્રમ્પે કહ્યું, "અમે અત્યારે જ ગ્રીનલેન્ડ બાબતે કંઈક કરવા જઈ રહ્યા છીએ, પછી ભલે તેમને (ડેનમાર્ક કે ગ્રીનલેન્ડને) તે ગમે કે ન ગમે. જો અમે આ પગલું નહીં ભરીએ, તો રશિયા અથવા ચીન ગ્રીનલેન્ડ પર કબજો જમાવી લેશે. અમે રશિયા કે ચીનને અમારા પડોશી તરીકે સહન કરવા તૈયાર નથી."

# વેનેઝુએલાના 3 કરોડ બેરલ તેલ પર ટ્રમ્પનો કબજો

**અમેરિકી** ઓઈલ કંપનીઓ સાથે વ્હાઇટ હાઉસમાં બેઠક, વેનેઝુએલાના તેલ પ્રોજેક્ટ્સ પર પકડ મજબૂત



વોશિંગ્ટનઃ અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે તેલ અને ગેસ ક્ષેત્રની દિગ્ગજ કંપનીઓના સીઈઓ (CEOs) સાથે વ્હાઈટ હાઉસમાં એક મહત્વની બેઠક યોજી હતી. આ બેઠક દરમિયાન ટ્રમ્પે જાહેરાત કરી હતી કે અમેરિકાએ વેનેઝુએલામાંથી 3 કરોડ બેરલ તેલ પોતાના કબજામાં લીધું છે. ટ્રમ્પે સ્પષ્ટ સંદેશ આપ્યો છે કે હવે ઉર્જા ક્ષેત્રે અમેરિકાનું વર્ચસ્વ વધુ મજબૂત બનશે.

"અમે તેલ લઈ લીધું છે" વેનેઝુએલામાં ચાલી રહેલી રાજકીય ઉથલપાથલ અને નિકોલસ માદુરોની ધરપકડ બાદ ટ્રમ્પ વહીવટીતંત્રે આ આક્રમક પગલું ભર્યું છે. ટ્રમ્પે જણાવ્યું હતું કે, "અમે અત્યાર સુધીમાં 30 મિલિયન (3 કરોડ) બેરલ તેલ લઈ લીધું છે અને તે અત્યારે રસ્તામાં છે અથવા આવી ગયું છે. આ એક બહુ મોટી સંપત્તિ છે." ઓઈલ કંપનીઓને કડક સૂચના વ્હાઈટ હાઉસના કેબિનેટ રૂમમાં એક્ઝોન મોબિલ (Exxon Mobil) અને શેવરોન (Chevron) જેવી મોટી કંપનીઓના વડાઓ સાથે વાત કરતા ટ્રમ્પે કહ્યું કે, તેઓ ઈચ્છે છે કે આ કંપનીઓ હવે વેનેઝુએલા જેવા દેશોને બદલે સીધો અમેરિકા સાથે સોદો કરે.

તેમણે ઉમેર્યું કે, "તમારે હવે અન્ય દેશોમાં જવાની જરૂર નથી, અમે અહીં બધું જ ઉપલબ્ધ કરાવીશું."

વ્હાઈટ હાઉસમાં યોજાયેલી આ મહત્વની બેઠકમાં રાષ્ટ્રપતિ ટ્રમ્પે તેલ અને ગેસ ક્ષેત્રની ૧૭ દિગ્ગજ કંપનીઓના એક્ઝિક્યુટિવ્સને આમંત્રિત કર્યા હતા. આ બેઠકમાં લેવાયેલા નિર્ણયો વેનેઝુએલાના તેલ ભંડાર પર અમેરિકાની પકડ મજબૂત કરવાના સંકેત આપે છે. જૂના હિસાબો સેટલ કરવાની તૈયારી? આ બેઠકમાં સામેલ કંપનીઓમાં ખાસ કરીને એક્ઝોન મોબિલ (ExxonMobil) અને કોનોકોફિલિપ્સ (ConocoPhillips) જેવી કંપનીઓનો સમાવેશ થાય છે. આ એ કંપનીઓ છે જેમના તેલ પ્રોજેક્ટ્સ ૨૦૦૭માં વેનેઝુએલાના તત્કાલીન રાષ્ટ્રપતિ હ્યુગો ચાવેઝ (માદુરોની પહેલાના શાસક) દ્વારા કરવામાં આવેલા 'રાષ્ટ્રીયકરણ' (Nationalisation) દરમિયાન છીનવી લેવામાં આવ્યા હતા. ટ્રમ્પ હવે આ કંપનીઓને વેનેઝુએલામાં ફરીથી મોટું સ્થાન અપાવવા માંગે છે.

# બાંગ્લાદેશમાં માત્ર 360 રૂપિયાના દેવાના કારણે હિન્દુ યુવકનું અપમાન

**દુકાનના** માલિક અમીરુલ ઇસ્લામે મોબાઇલનો છેલ્લો હપતો રૂ. 360 બાકી હોવાથી યુવકને ઝેર પીવા મજબૂર કર્યો

ઢાકા, તા. 10:બાંગ્લાદેશમાં એક હિન્દુ યુવકે કથિત રીતે એક નાનાએવા દેવાને કારણે એક સ્થાનિક દુકાન માલિક દ્વારા અપમાનિત કરવા અને હુમલો કરવામાં આવ્યા બાદ આત્મહત્યા કરી લીધી હતી. બાંગ્લાદેશના સુનમગંજના દિરાઈ ઉપજિલ્લાના રહેવાસી જોય મહાપાત્રોનું સિલ્હટ એમએજી ઉસ્માની મેડિકલ કોલેજ હોસ્પિટલમાં ઝેર પીધા બાદ મૃત્યુ થયું હતું. પીડિતના પિતરાઈ ભાઈ અયાન દાસના જણાવ્યા અનુસાર, મહાપાત્રોએ સ્થાનિક કરિયાણાની દુકાનના માલિક અમીરુલ ઈસ્લામ પાસેથી 5,500 ટાકા (લગભગ રૂ. 4,000)માં મોબાઈલ ફોન ખરીદ્યો હતો. દાસે સ્થાનિક મીડિયા આઉટલેટ સિલ્હટ ટુડેને જણાવ્યું હતું કે, મહાપાત્રોએ 2,000 ટાકા (લગભગ રૂ. 1400) રોકડા ચૂકવ્યા હતા અને બાકીના પૈસા દર અઠવાડિયે 500 ટાકા (લગભગ રૂ. 360)ના હપતામાં ચૂકવવાનું વચન આપ્યું હતું.

# પોક્સો કાયદામાં સુપ્રીમ કોર્ટે 'રોમિયો-જુલિયટ' કલમ દાખલ કરવા સૂચન કર્યું

**પોક્સો** એક્ટના દુરુપયોગ સામે સુપ્રીમ કોર્ટની લાલ આંખ; સગીરો વચ્ચેના સંમતિથી 'પ્રેમ સંબંધો'ને ગુનાહિત શ્રેણીમાંથી બહાર રાખવા વિચારણા

નવી દિલ્હી, તા. 10: એક મહત્ત્વપૂર્ણ ઘટનાક્રમમાં સુપ્રીમ કોર્ટે સૂચન કર્યું છે કે, કેન્દ્ર સરકાર પોક્સો કાયદામાં 'રોમિયો-જુલિયટ' કલમ દાખલ કરવાનું વિચારે, જેથી સંમતિથી બનેલા સંબંધો ધરાવતા કિશોરોને ફોજદારી કાર્યવાહીમાંથી મુક્તિ મળે, ભલે પરસ્પર સંમતિની ઉંમર (18 વર્ષ)થી ઓછી હોય અને તેમની વચ્ચે ઉંમરનો નાનો તફાવત હોય. ન્યાયાધીશ સંજય કરોલ અને એન. કોટિશ્વર સિંહની બેન્ચે અલ્હાબાદ હાઈકોર્ટના એક ચુકાદા સંબંધિત કેસની પોસ્ટસ્ક્રિપ્ટમાં આ આદેશ આપ્યો હતો. ''આ કાયદાઓના દુરુપયોગ પર વારંવાર ન્યાયિક સંજ્ઞાનને ધ્યાનમાં લેતાં આ ચુકાદાની એક નકલ ભારત સરકારના કાયદા સચિવને મોકલવામાં આવે, જેથી આ જોખમને રોકવા માટે શક્ય પગલાં પર વિચાર કરી શકાય, જેમાં સૌ પ્રથમ રોમિયો-જુલિયટ કલમ દાખલ કરવાનું સામેલ છે. હાઈકોર્ટના વ્યાપક નિર્દેશને નકારી કાઢતાં સુપ્રીમ કોર્ટે શોધી કાઢ્યું કે, તે કિશોર ન્યાય (બાળકોની સંભાળ અને સુરક્ષા) અધિનિયમ, 2015 (પોક્સો એક્ટ) ની વિરુદ્ધ છે, જે પીડિતની ઉંમર નક્કી કરવા માટે કલમ 94 હેઠળ એક ફરજિયાત પ્રક્રિયા છે. જોગવાઈમાં જણાવાયું છે કે, વય પહેલા મેટ્રિક અથવા સમકક્ષ પ્રમાણપત્રના આધારે નક્કી કરવામાં આવશે, જેમાં નિષ્ફળ જવાથી મ્યુનિસિપલ કોર્પોરેશન અથવા પંચાયત દ્વારા જારી કરાયેલ જન્મ પ્રમાણપત્ર પર આધાર રાખવામાં આવશે.


DGVCL

**દક્ષિણ ગુજરાત વિજ કંપની લિમિટેડ**
CIN U40102GJ2003SGC042909
વાપી ગ્રામ્ય વિભાગીય કચેરી
બલિઠા બ્રિજ ની પાસે, બલિઠા, વાપી -396191
ડીજીવીસીએલ ટોલ ફ્રી નં. ૧૯૧૨૩ અથવા ૧૮૦૦ ૨૩૩ ૩૦૦૩
વીજ પ્રવાહ બંધ રહેવા અંગે ની જાહેરાત

આથી અમારા માનવંતા ગ્રાહકોને જણાવવાનું કે, નીચે દર્શાવેલ સબ-સ્ટેશનમાં તથા ફીડરોમાં જરૂરી સમારકામ કરવાનું હોવાથી નીચે જણાવેલ તારીખે જે તે ફીડરો તથા સબ-સ્ટેશનનો વીજ પ્રવાહ બંધ રહેશે.

| ક્રમ | સબ-સ્ટેશન | ફીડર | સબ-ડિવિઝન | ફોલ્ટ સેન્ટર નં. | તારીખ/વાર | સમય |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૬૬ કે.વી. કોલક | ૧૧ કે.વી. ગંગાજી | ઉદવાડા | ૯૯૦૯૯૩૭૬૦૯ | ૧૨-૦૧-૨૦૨૬/સોમવાર | ૦૯:૦૦ થી ૧૭:૦૦ |
| ૨ | ૬૬ કે.વી. કોલક | ૧૧ કે.વી. કલસર | ઉદવાડા | ૯૯૦૯૯૩૭૬૦૯ | ૧૨-૦૧-૨૦૨૬/સોમવાર | ૦૯:૦૦ થી ૧૭:૦૦ |
| 3 | ૬૬ કે.વી. ખડકી | ૧૧ કે.વી. પલસાણા | ઉદવાડા | ૯૯૦૯૯૩૭૬૦૯ | ૧૨-૦૧-૨૦૨૬/સોમવાર | ૦૯:૦૦ થી ૧૭:૦૦ |
| ૪ | ૬૬ કે.વી. કોચરવા | ૧૧ કે.વી રાતા | વાપી રૂરલ | ૮૯૮૦૮૦૩૯૪૮ | ૧૭-૦૧-૨૦૨૬/શનિનાર | ૦૮:૦૦ થી ૧૮:૦૦ |
| ૫ | ૬૬ કે.વી. વટાર | ૧૧ કે.વી. તારક પારડી | ઉદવાડા | ૯૯૦૯૯૩૭૬૦૯ | ૧૨-૦૧-૨૦૨૬/સોમવાર | ૦૯:૦૦ થી ૧૭:૦૦ |

કાર્યપાલક ઇજનેર, વાપી રૂરલ વિભાગીય કચેરી, બલિઠા.
એમ.સી.બી./ઇ.એલ.સી.બી./આર.સી.સી.બી. લગાવી વીજળી ના ઝટકાથી બચો અને વીજ અકસ્માતો ટાળો.


# ઉત્તર ભારતમાં કાતિલ ઠંડી અને ગાઢ ધુમ્મસનો કહેર

**અકસ્માતોમાં** ૪નાં મોત, દિલ્હીમાં સીઝનનું સૌથી નીચું તાપમાન

નવી દિલ્હી, તા. 10 (પીટીઆઈ)
સમગ્ર ઉત્તર ભારતમાં શનિવારે શીત લહેર વધુ પ્રચંડ બની છે. ગાઢ ધુમ્મસના કારણે અનેક સ્થળોએ વિઝિબિલિટી (દૃશ્યતા) શૂન્ય થઈ જતાં વાહનો વચ્ચેના અથડામણના અકસ્માતો સર્જાયા છે, જેમાં અત્યાર સુધીમાં ૪ લોકોએ જીવ ગુમાવ્યા છે અને ૩૦ થી વધુ લોકો ઈજાગ્રસ્ત થયા છે. હોશિયારપુર-દસુઆ રોડ પર ગાઢ ધુમ્મસને કારણે કાર અને બસ વચ્ચે જોરદાર ટક્કર થઈ હતી. આ દુર્ઘટનામાં ૪ પુરુષોના ઘટનાસ્થળે જ મોત નીપજ્યા છે. જયપુર-દિલ્હી નેશનલ હાઈવે (NH-48) પર લો-વિઝિબિલિટીના કારણે બસ અને પિકઅપ વાહન અથડાતા ૨૫ લોકો ઘાયલ થયા છે. જેસલમેરમાં પણ પોલીસ વાહન સાથે બસ અથડાતા ૪ પોલીસકર્મીઓ ઈજાગ્રસ્ત થયા છે.

**દિલ્હી અને NCR**

દિલ્હીમાં આજે સવારે લઘુત્તમ તાપમાન ૪.૨ ડિગ્રી નોંધાયું હતું, જે સામાન્ય કરતા ૨.૭ ડિગ્રી ઓછું છે. હવાની ગુણવત્તા (AQI) પણ ૩૯૯ સાથે 'ખૂબ જ નબળી' શ્રેણીમાં રહી હતી. હવામાન વિભાગે રવિવાર અને સોમવાર માટે 'યલો એલર્ટ' જાહેર કર્યું છે.

**કાશ્મીર અને હિમાચલ પ્રદેશ**

કાશ્મીરમાં 'ચિલ્લાઈ-કલાન' (સૌથી સખત ઠંડીનો ૪૦ દિવસનો સમયગાળો) ચાલી રહ્યો છે. શ્રીનગરમાં તાપમાન -૫.૭ ડિગ્રી નોંધાતા વિશ્વપ્રસિદ્ધ ડાલ સરોવર અને અન્ય જળાશયોના ઉપરના ભાગો જામી ગયા છે. હિમાચલના ડઝન જેટલા સ્ટેશનોમાં તાપમાન શૂન્યથી નીચે પહોંચી ગયું છે.

**પંજાબ, હરિયાણા અને રાજસ્થાન**

પંજાબના અમૃતસર અને લુધિયાણામાં ધુમ્મસના કારણે જનજીવન પ્રભાવિત થયું છે. રાજસ્થાનના દૌસા અને અલવરમાં તાપમાન ૪ ડિગ્રીથી નીચે નોંધાયું છે. હવામાન વિભાગના જણાવ્યા મુજબ આગામી અઠવાડિયામાં ઠંડીનું જોર હજુ વધી શકે છે.

**દક્ષિણ ભારતની સ્થિતિ: બંગાળની ખાડીમાં સર્જાયું દબાણ**

જ્યાં ઉત્તર ભારત ઠંડીમાં ઠુંઠવાયેલું છે, ત્યાં દક્ષિણ ભારતમાં બંગાળની ખાડીમાં સર્જાયેલું 'ડિપ્રેશન' શ્રીલંકાના દરિયાકાંઠાને પાર કરે તેવી શક્યતા છે. આના કારણે તમિલનાડુ અને કર્ણાટકના ભાગોમાં ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે.

**ઠંડીનો પ્રકોપ**

| રાજ્ય/શહેર | લઘુત્તમ તાપમાન (સેલ્સિયસ) | નોંધ |
|---|---|---|
| દિલ્હી | 4.2°C | સીઝનનું સૌથી નીચું તાપમાન |
| હોશિયારપુર (પંજાબ) | 1.1°C | હાડ થીજવતી ઠંડી |
| શોપિયાં (કાશ્મીર) | -8.2°C | કાશ્મીર ખીણમાં સૌથી ઠંડું સ્થળ |
| કુમકુમસેરી (હિમાચલ) | -10.9°C | રાજ્યનું સૌથી નીચું તાપમાન |
| ખુન્ટી (ઝારખંડ) | 1.4°C | પૂર્વી ભારતમાં પણ શીત લહેર |

# પાકિસ્તાનના સિંધમાં હિન્દુ ખેડૂતની ગોળી મારીને હત્યા

**હજારો** હિન્દુઓ અને સ્થાનિક લોકો રસ્તાઓ પર ઊતરી આવ્યા

ઈસ્લામાબાદઃ તા. 10઼ પાકિસ્તાનમાંથી ફરી એકવાર લઘુમતી હિન્દુઓ વિરુદ્ધ હિંસાનો મામલો સામે આવ્યો છે. સિંધ પ્રાંતમાં 25 વર્ષીય હિન્દુ ખેડૂત કૈલાસ કોલ્હીની ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી. સ્થાનિક જમીનમાલિક સરફરાઝ નિઝામી પર કૈલાસની હત્યાનો આરોપ છે. આ ઘટના બાદ, બદીન જિલ્લામાં હજારો હિન્દુઓ અને સ્થાનિક લોકો રસ્તાઓ પર ઊતરી આવ્યા હતા અને મુખ્ય રસ્તાઓ બ્લોક કરી દીધા હતા. પોલીસ અધિકારીઓ સાથે અનેક રાઉન્ડની વાતચીત બાદ શુક્રવારે વિરોધ પ્રદર્શન પાછું ખેંચી લેવામાં આવ્યું હતું. જોકે, હિન્દુઓમાં ગુસ્સો અને રોષ યથાવત છે. સિંધ પ્રાંતમાં પાકિસ્તાની હિન્દુઓની સૌથી વધુ વસ્તી છે. કોલ્હીની હત્યા બાદ બદીન જિલ્લામાં થાર કોલ રોડ પર બે દિવસીય ધરણાં નાકાબંધી શુક્રવારે સમાપ્ત થઈ ગઈ હતી. પોલીસે પ્રદર્શનકારીઓને ખાતરી આપી હતી કે, તેઓ ખેડૂત કૈલાસ કોલ્હીની હત્યાના આરોપી પ્રભાવશાળી જમીનમાલિકની ધરપકડ કરશે. એક અઠવાડિયામાં ધરપકડની ખાતરી સાથે વિરોધ પ્રદર્શન પાછું ખેંચી લેવામાં આવ્યું હતું. નિઝામી પર આરોપ છે કે તેમણે 4 જાન્યુઆરીએ બદિનના તલહાર ગામમાં કોલ્હીને ગોળી મારીને તેની હત્યા કરી નાખી છે.


**નવાપુરા અર્બન કો. ઓ. ક્રેડીટ એન્ડ કન્ઝયુમર્સ સોસાયટી લી.**
''સિધ્ધિ'', વાડી ફળીયા પોલીસ ચોકી પાસે, કોટસફીલ મેઈનરોડ, સુરત.
Email: navapuraurban@gmail.com
બેંક, શો રૂમ, કોર્પોરેટ ઓફીસ માટે ગ્રાઉન્ડ ફલોર ભાડે આપવાનો છે
રેસીડેન્સીયલ-કોમર્શીયલ વિસ્તાર
૩૦ × ૬૦ (૧૮૦૦ સ્કે.ફૂટ) ૮૦ ફૂટના મેઈનરોડ પર ભાગળ નજીક, મિલ્કતની બંને બાજુ રોડ, ૩૦ ફૂટના ફ્રન્ટેજવાળી મેઈનરોડ ટચની મિલ્કત. (માપ સ્થળ મુજબ)
મેડીકલ સ્ટોર્સ ભાડે આપવાનું છે
સોસાયટીના ગ્રાઉન્ડ ફલોર પર હાલમાં ચાલુ હાલતમાં નવાપુરા અર્બન મેડીકલ સ્ટોર્સ (તમામ મંજુરી સહિત)
જરૂરી ઓફર સાથે તા.૩૧-૦૧-૨૦૨૬ સુધીમાં રૂબરૂ મળો / લખો.
મેનેજરશ્રી
નવાપુરા અર્બન કો.ઓ. ક્રેડીટ એન્ડ કન્ઝયુમર્સ સોસાયટી લી.



**અસલ વેચાણ દસ્તાવેજ તથા રજીસ્ટ્રેશન પહોંચ ગુમ થવા અંગે જાહેર નોટીસ**
આથી લાગતા વળગતા તમામને જણાવવાનું કે, અમારા અસીલ અભિષેક નવનીતભાઈ નવસારીવાલા, નાઓની માલિકી કબજા ભોગવટાની સુરત ડીસ્ટ્રીકટ, સબ-ડીસ્ટ્રીકટ સુરત સીટી મોજે : નાનપુરા વિસ્તારમાં વોર્ડ નં.૧ અને જેનો નોંધ નં.૨૨૦૯/૪ થી નોંધાયેલ મિલકત કે જે અંગે અગાઉના ચેઇન દસ્તાવેજો પૈકી સાલેહભાઇ ફીદાઅલી નાઓએ કાનજીભાઇ માધુભાઇ નવસારીવાલા ના લાભમાં કરી આપેલ રજી. દસ્તાવેજ નં.૨૦૭૮ થી તા.૨૯/૦૯/૧૯૫૬ ના રોજ નોંધાયેલ છે તે વેચાણ દસ્તાવેજ તથા રજીસ્ટ્રેશન પહોંચની અસલ ઘણી શોધખોળ કરવા છતાં મળી આવતી નથી જેથી અમારા અસીલથી ગેરવલ્લે ગયેલ હોવાનું જણાય આવેલ છે જેથી સદર વેચાણ દસ્તાવેજ તથા રજીસ્ટ્રેશન પહોંચ જે કોઇ વ્યકિતને મળી આવે તો અમારા અસીલ યા અમારા અસીલ વતી અમોને દિન-૭ માં નીચે જણાવેલ સરનામે પરત કરશોજી. જેની સબબ નોંધ લેવી.
મારી સુચનાથી
અભિષેક નવનીતભાઈ નવસારીવાલા,
અલ્પેશ કે. રાજપુત (એડવોકેટ)
સરનામું ૪-પુનિત ચેમ્બર, ઉધના દરવાજા, રિંગ રોડ, સુરત. મો.નં.૯૧૦૬૮-૮૩૯૧૩



**વડોદરા મહાનગરપાલિકા**
www.vmc.gov.in
ઇ- ટેન્ડરીંગ જાહેરાત
વડોદરા મહાનગરપાલિકામાં યોગ્ય વિભાગ તેમજ યોગ્ય શ્રેણીમાં નોંધાયેલ માન્ય ઇજારદારો પાસેથી તથા સરકારી/અર્ધસરકારી સંસ્થાના નોંધાયેલા અનુભવી ઇજારદારો પાસેથી નીચે જણાવેલ કામ માટે મહોરબંધ ભાવપત્રો મંગાવવામાં આવે છે.

| અ.નં. | પી.આર.ઓ. નંબર | વિભાગનું નામ | કામની સંખ્યા | અંદાજિત રકમ |
|---|---|---|---|---|
| ૧ | ૧૦૩૦/૨૫-૨૬ | ડ્રેનેજ-વ.ગ.પ્રોજેકટ | ૦૧ | ૧,૨૨,૮૭,૭૦૦/- |

ઉપરોક્ત કામના ટેન્ડર ફોર્મ તથા વિસ્તૃત માહિતી જે તે સંબંધિત વિભાગમાંથી ઉપરોક્ત સૂચિત વેબસાઇટ પરથી મળી રહેશે. કોઇપણ ભાવપત્ર મંજૂર/નામંજૂર કરવાની અબાધિત સત્તા મ્યુનિસિપલ કમિશનરશ્રીની રહેશે.
પી.આર.ઓ.નં.૧૦૩૨/૨૦૨૫-૨૬ | જનસંપર્ક વિભાગ દ્વારા પ્રકાશિત


# હલ્દિયામાં નવું નૌસેના બેઝ સ્થાપવાનો નિર્ણય

# બંગાળની ખાડીમાં ચીન-બાંગ્લાદેશ પર ભારતની 'બાજ નજર'

**આ** બેઝ પર નાના યુદ્ધ જહાજો અને હાઈ-સ્પીડ બોટ્સ તૈનાત કરવામાં આવશે

કોલકાતા/નવી દિલ્હીઃ બંગાળની ખાડીમાં ચીનની વધતી જતી દખલગીરી અને બાંગ્લાદેશમાં સત્તા પરિવર્તન બાદ સર્જાયેલી અસ્થિરતાને ધ્યાનમાં રાખીને ભારત સરકારે પશ્ચિમ બંગાળના હલ્દિયામાં નવું નૌસેના બેઝ સ્થાપવાનો નિર્ણય લીધો છે. રક્ષામંત્રી રાજનાથ સિંહની અધ્યક્ષતામાં મળેલી ઉચ્ચ સ્તરીય બેઠકમાં આ વ્યૂહાત્મક પ્રોજેક્ટને મંજૂરી આપવામાં આવી છે. આ બેઝ પરથી નાના યુદ્ધ જહાજો અને હાઈ-સ્પીડ બોટ્સ તૈનાત કરવામાં આવશે. આનાથી દરિયાઈ ક્ષેત્રમાં કોઈપણ શંકાસ્પદ હિલચાલ દેખાતા નૌસેના ગણતરીની મિનિટોમાં કાર્યવાહી કરી શકશે.

નેવી આ બેઝ માટે હલ્દિયા ડોક કોમ્પ્લેક્સનો ઉપયોગ કરશે.

ચીન સતત તેના 'રિસર્ચ શિપ' અને સબમરીન દ્વારા બંગાળની ખાડીમાં જાસૂસી કરવાની કોશિશ કરતું રહ્યું છે. હલ્દિયામાં નેવલ બેઝ બનવાથી ભારતીય નૌસેના આ વિસ્તારમાં ચીનની કોઈપણ હિલચાલ પર તાત્કાલિક પ્રતિક્રિયા આપી શકશે.

## પેજ 3

### વર્ષો બાદ ગોવિંદા બોલિવૂડમાં વાપસી કરવા તૈયાર છે



મુંબઈ, તા.10:90ના દાયકાના સ્ટાર ગોવિંદા ટૂંક સમયમાં ફરી મોટા પડદા પર જોવા મળશે. સુપરસ્ટાર સલમાન ખાને ખુદ ગોવિંદા સાથેની પોતાની ફિલ્મની જાહેરાત કરી હતી. આ અભિનેતા લાંબા સમય પછી કોઈ મોટી ફિલ્મમાં જોવા મળશે અને તેના ચાહકો તેના માટે ખૂબ જ ઉત્સાહિત છે. તાજેતરમાં ગોવિંદાએ એક સમાચાર એજન્સી સાથે તેમની ફિલ્મોમાં વાપસી વિશે વાત કરી હતી.ગોવિંદાને પૂછવામાં આવ્યું હતું કે, શું બોલિવૂડ કલાકારોએ રાજકારણમાં આવવું જોઈએ જેથી સરકાર તેમની વાત વધુ સાંભળે. આના પર અભિનેતાએ કહ્યું, ''સારું વાતાવરણ હોય તો જ સારી કલા ખીલશે.

### બહેન નૂપુરના સંગીત સમારોહમાં ખૂબ નાચી કૃતિ સેનન



મુંબઈ, તા. 10
અભિનેત્રી કૃતિ સેનનની બહેન નૂપુર સેનનના લગ્ન સમારોહ ઉદયપુરમાં શરૂ થઈ ગયો છે. 9 જાન્યુઆરીએ નૂપુર અને ગાયક સ્ટેબિન બેનના હલ્દી અને સંગીત સમારોહ યોજાયા હતા. બંને સમારોહમાં કૃતિ જોરદાર ડાન્સ કરતી જોવા મળી હતી.સોશિયલ મીડિયા પર નૂપુર અને સ્ટેબિનના લગ્નના ઘણા વીડિયો સામે આવ્યા છે, જેમાં આખો પરિવાર મજાક-મસ્તી કરતો જોવા મળી રહ્યો છે. એક વીડિયોમાં કૃતિ તેની બહેન નૂપુર અને તેની મિત્રો સાથે 'હનીમૂન ટ્રાવેલ્સ'ના 'સજના જી વારી-વારી' ગીત પર ડાન્સ કરતી જોવા મળી રહી છે.


Since 1980
Contact Us +91 88668 61684
Urban Garden Decor
- શાકભાજી અને ફૂલ-છોડના બિયારણ
- ઇન્ડોર પ્લાન્ટ (છોડ)
- પ્લાન્ટર (ફાઇબર, સીરામીક, મેટલ)
- જંતુનાશક અને ફુગનાશક દવા
- ખેતીવાડીના હાઈ-ટેક સાધન
- ઓર્ગેનિક ખાતર
- કોકોપીટ & પોટીંગ સોઇલ
- ગાર્ડન ડેકોર આઈટમ
- નર્સરી ટ્રે અને ગ્રોબેગ
- ગાર્ડન ટૂલ્સ અને મશીનરી

Terrace, Office & Indoor Garden Landscping



Opp Prajapati Ashram,Beside Prime Bank,Kumbharwad Navsari
: @urbangardendecor



torrent POWER
**જાહેર ચેતવણી**
નીચે જણાવેલ વિસ્તારમાંથી ટોરેન્ટ પાવર લિ. સુરતને વીજપુરવઠો પૂરો પાડતી ૨૨૦ કે.વી.ની અતિ ઉચ્ચ દબાણવાળી વીજવહન લાઈન પસાર થાય છે. મકરસંક્રાંતિના પર્વ દરમિયાન સલામત રીતે પતંગ ચગાવવા વિનંતી. અસલામતીને કારણે થતા અકસ્માત માટે ટોરેન્ટ પાવર જવાબદાર રહેશે નહીં.
વિસ્તાર :
- અલથાણ, આખાખોલ, આઝાદનગર, ઈટાળવા, ઉમરા, ઉબેર, અંત્રોલી, કઠોર.
- કનસાડ, કરણ, કછોલી, કરજણ, કોસમાડી, કોસમાડા, કોસાડ, કોળી ભરથાણા.
- કુંભારીયા, ગોકુલનગર, ગભેણી, ગોથાણ, ઘલા, જોખા, જોલવા, ડભોલી.
- તલંગપુર, તરાજ, તાતીંઝઘડા, દિપલી, દીગસ, ધાતવા, નવી પારડી, નેત્રંગ.
- પલસાણા, પરબ, પોપડા, પુણા કેનાલ રોડ, બલેશ્વર, બગુમરા, બમરોલી.
- બુડીયા, ભટાર, ભટાર ખાડીબ્રીજ પાસેનો વિસ્તાર, ભાટીયા, ભીમરાડ.
- મગોબ, મરોલી, મોરથાણા. માછી, માંકણા, મોટી વેડ, લાજપોર, લાડવી.
- વલણ, વલથાણ, વસવારી, વરીયાવ, વેલંજા, વિરપોર, સણીયાહેમાદ, સચીન.
- સામરોદ, સાંકી, સારોલી, સેગવા, સીમાડી ગામો તથા આજુબાજુનો વિસ્તાર.

તારીખ : ૧૧-૦૧-૨૦૨૬
સુરત.
ટોરેન્ટ પાવર લિ. વતી
સહી/-
જનરલ મેનેજર